## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

વધાર્યું ગુજરાતનું ગૌરવ, અભિનંદન !
બન્યા ફરીથી પક્ષનું ગૌરવ, અભિનંદન !
સફળ માતૃભક્તિ અને શિવઉપાસના -
ધન્ય, આપ થકી સૌ ગુજરાતી, અભિનંદન

### હાઈકુ

કર્યા છે મહાત
મોટા મહારથીઓ -
ભાષા પ્રહારે...

ચાલશે ફરી
એ જ મદીલી ચાલે
શ્રી ગજરાજ

### ચિંતન

**અપહિ મનસસ્પતેડપ કામ પરશ્વર ।**
**પઙ્ગ નિઋત્યા આયક્વ બહુધા જીવતો મનઃ ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

હું મારા કુવિચારોને હંમેશા દૂર રાખીશ, એનાથી મારો વિનાશ નહિ કરું. મારા મનની શક્તિ અપાર છે, એને બરબાદ નહિ થવા દઉં. કોઈ પણ ધર્મ સૌથી પહેલાં વિચારના રૂપમાં મનમાં ઉદ્‌ભવે છે. આ વિચારો ઉપર આંતરિક રૂપથી ચિંતન તથા મનન થાય છે અને તેને કાર્યમાં રૂપાંતરિત કરવાની ઈચ્છા શક્તિ જાગૃત થાય છે. પછી જ મનુષ્ય તે કાર્ય કરે છે. છેવટે તેનાં કર્મો દ્વારા જ તેના ચારિત્ર્યનું નિર્માણ થાય છે. આત્મ નિરીક્ષણ કરવાની ટેવ પાડ્યા વિના મનની અંદર દોડી રહેલા વિચારો ઉપર નિયંત્રણ રાખવાનું લગભગ અશક્ય છે. દોડી રહેલા વિચારો ઉપર નિયંત્રણ રાખવાનું લગભગ અશક્ય છે. વૈચારિક પવિત્રતા થયા પછી જ આપણા આચરણ તથા કર્મમાં શ્રેષ્ઠતાના દર્શન થઈ શકે છે.

### સુવિચાર

- યુદ્ધ માટેની તૈયારી તે - શાંતિની મારી વ્યાખ્યા છે - **હિટલર**
- વિશ્વના ઈતિહાસમાં અશોક એક માત્ર રાજવી હતો, કે જેણે યુદ્ધ જીત્યા પછી યુદ્ધનો ત્યાગ કર્યો હતો - **એચ. જી. વેલ્સ**
- વિપત્તિની કસોટી પર પરખાયા પછી જે બાકી રહે તે મિત્ર - **રહીમ**
- તમે કેટલી મોટી સમસ્યાઓનો સામનો કરી શકો છો એ જ તમારી ક્ષમતાનો માપદંડ છે - **નોર્મન વિન્સંટ પિલ**
- સ્વપ્નો સાકાર થવાની શક્યતા જ જીવનને રસભર બનાવે છે - **પોલો કોએલો**
- સફળતાનું એક રહસ્ય એ છે કે આજુ-બાજુ શું ચાલી રહ્યું છે, તેનાં પ્રત્યે સભાન રહેવું. પરિસ્થિતિ પ્રમાણે પોતાની જાતને બદલવી - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : વીંછી કરડે તો કેરોસીનમાં ફટકડીનો ભૂકો નાખી તે ચોપડવાથી બળતરામાં રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

લાલ બહાદુર શાસ્ત્રી ઉત્તરપ્રદેશના ગૃહપ્રધાન બન્યા અને એમને અલાહાબાદ છોડી લખનૌ આવવાનું થયું. એમને ઘર માટે ઘણી શોધ કરી છતાં ભાડે મકાન મળ્યું નહીં. છેવટે અખબારમાં જાહેરાત આપવી પડી કે 'ભાડે મકાન જોઈએ છે' એ દિવસથી લાલ બહાદુર 'ગૃહ વગરના ગૃહપ્રધાન' તરીકે ઓળખાયા. છેવટે મુઠ્ઠીગંજ વિસ્તારમાં નાનું મકાન ભાડે મળ્યું. એ મકાનમાં લાઈટ કે ટેલિફોનની વ્યવસ્થા નહોતી. ફાનસના અજવાળે લાલ બહાદુર સરકારી ફાઈલોનો નિકાલ કરતા. એકવાર તેઓ સુવાની તૈયારી કરતા હતા. અને પ્યારેલાલ તેમને મળવા આવ્યા. એમણે જોયું કે સામાન્ય કાથીના ખાટલા ઉપર ચાદર પાથરીને માથા પર ઓશિકું મૂકીને લાલ બહાદુર સુવાની તૈયારી કરતા હતા. દિલ્હીમાં પણ તેઓ આમ જ રહેતા હતા. જો બાળકો કાથીના ખાટલા પર સૂતા હોય તો પોતે જમીન ઉપર ચાદર પાથરી સૂઈ જતા. પોતાનું ઘરનું મકાન ન હતું એટલે એમના પત્ની લલિતાદેવી પણ કયારેક મજાકમાં કહેતા હે 'શાસ્ત્રીજી અમને ઝાડ નીચે જ રહેવા લઈ જશે.' અને ખરેખર એવું જ બન્યું કે ભારતના વડાપ્રધાન તરીકે તેમનું મૃત્યુ થયું ત્યારે દેશનું ધરતી પર પોતાનું કહી શકાય તેવું નાનું સરખું ઘર પણ ન હતું.

# મોદીની સુનામીમાં કોંગ્રેસ સાફ

**તંત્રીસ્થાનેથી...**

મોદીના નેતૃત્વમાં એનડીએનો ઐતિહાસિક વિજય નવા વિક્રમો સર્જે છે. ૫૪૨ બેઠકોમાંથી ૩૫૦ + બેઠકો મેળવી કોંગ્રેસ સહિત વિરોધ પક્ષોના સુપડા સાફ કરી નાખ્યા છે. પશ્ચિમ બંગાળ - મમતાના ગઢમાં જબરદસ્ત ગાબડુ પાડી તૃણમૂલ કોંગ્રેસને માપમાં લાવી દીધી છે. ઉત્તરપ્રદેશમાં સપા-બસપાનું ગઠબંધન પણ મોદી સુનામીને નાથી શક્યું નથી. બિહારમાં લાલુનો યુગ આથમ્યો એટલું જ નહિ મહાગઠબંધનનો સંપૂર્ણ રકાસ થયો છે. દિલ્હી, મુંબઈ જેવા મહાનગરોમાં કોંગ્રેસ અને અન્ય પક્ષો શરમજનક સ્થિતિમાં મૂકાયા છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ચંડીગઢ જેવા કોંગ્રેસ શાસિત રાજયોમાં પણ કોંગ્રેસને મૂળમાંથી ઉખાડીને ફેંકી દીધી હોય એવા ચોંકાવનારા પરિણામો આવ્યા છે. મોદીમેજિક અને અમિત શાહનું કુશળ આયોજન એનડીએના વિજયનો મુખ્ય પાયો છે.

દેશમાં છેલ્લા છ મહિનાથી મોદી સામે વિરોધપક્ષોના ગઠબંધનની વાતો ખૂબ ચાલી. કયાંક થયું કયાંક ન થયું. પરંતુ બાવીસ પક્ષોનો એકમાત્ર એજન્ડા હતો કે મોદી-શાહ હટાવો. જે નકારાત્મકતાએ તેમને જ હટાવી દીધા. રાહુલ ગાંધીનું 'ચોકીદાર ચોર હૈ' સૂત્ર પણ કોંગ્રેસને ભારે પડ્યું છે. દેશના મતદારોએ પાંચ વર્ષની મોદી સરકારની કામગીરી ઉપરાંત ભાજપના રાષ્ટ્રવાદને પણ ખોબલે ખોબલે વધાવ્યો છે. બાલાકોટ એરસ્ટ્રાઈક એનડીએના વિજય માટે મહત્ત્વની ઘટના બની રહી. પ્રજામાનસ પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શુદ્ધ અને સ્પષ્ટ છબી યથાવત્ રહી એટલું જ નહિ પણ ૨૦૧૪ કરતા પણ વધુ મજબૂત બની. પાંત્રીસ વર્ષ બાદ પ્રથમ વખત સરકાર ફરીથી આવી અને વધુ મજબૂત થઈને આવી.

વિરોધપક્ષોમાં એકતાનો અભાવ, પ્રધાનમંત્રી બનવાની હોડ, સિદ્ધાંત વિહોણા ગઠબંધનો, આયોજનનો અભાવ, સ્વાર્થી કાર્યકરોના ટોળા, આર્થિક વ્યવસ્થા નબળી અને વ્યુહરચનામાં ભારે ગાબડાને કારણે કોઈ પણ પક્ષ ભાજપને ટક્કર આપી શક્યું નહિ. તામિલનાડુ, કેરળ અને પંજાબ સિવાય મોટા ભાગના રાજયોમાં ભાજપનો કેસરિયો સન્માનપૂર્વક લહેરાયો છે. આગામી દિવસોમાં દેશની રાજનીતિ વધુ સ્પષ્ટ બનશે. ભાજપને એકલા ને ૨૦૧૪ કરતા પણ ૧૨ બેઠકો વધુ મળતા પક્ષની નીતિઓ અને કાર્યક્રમોને મક્કમતાપૂર્વક આગળ ધપાવી શકશે. કમનસીબી એવી પણ છે કે કોંગ્રેસ સહિત કોઈ પણ વિરોધપક્ષનું સત્તાવાર સ્થાન મેળવવાની યોગ્યતા પણ મેળવી શક્યું નથી. આવનારા દિવસોમાં તમામ પક્ષો પોતાના પરાજય પર આત્મચિંતન કરે. દેશના વિકાસ અને પ્રજાના કલ્યાણના કાર્યક્રમોમાં રચનાત્મક સહયોગ આપે તો જ પ્રજાની વચ્ચે પોતાનું સ્થાન ઊભું કરી શકશે. જયારે ભારતીય જનતા પાર્ટી પ્રજાની અપેક્ષાઓને આકાર આપવા પોતાનું પૂર્ણ સામર્થ્ય જોડશે અને આવતીકાલના ભારતના સ્વપ્નને સાકાર કરી બતાવશે એવા અણસાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૃષ્ટિ, શક્તિ અને વકતવ્યમાં ઝીલાય છે.

હવે ચૂંટણીની તમામ કડવાશ ભૂલીને શ્રેષ્ઠ ભારતના નિર્માણમાં સૌ એકમેકનો પૂરક બને અને આવતીકાલના ભવ્ય ભારતના સ્વપ્નને સાકાર કરવાનું સામર્થ્ય મોદી સરકારમાં પ્રગટતું રહે એવી શુભભાવના સાથે વંદે માતરમ્.

# ગંગા સપ્તમી : અવતરણની પાવન કથા

**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ચક્રવર્તી સમ્રાટ સગર શ્રીરામના પૂર્વજ હતા. એમને બે રાણીઓ હતી : વૈદમી અને શૈવ્યા. સૌ પ્રતમ શૈવ્યાથી રાજાને પુત્ર થયો. તેનું નામ અસમંજસ પાડ્યું. વૈદમી નિઃસંતાન હતી. એણે ભગવાન શંકરની ઉપાસના કરી. હવે એને અનેક પુત્રો જન્મ્યા. પુત્રો હવે યુવાન થયા હતા.

સગરે અશ્વમેધ યજ્ઞનો આરંભ કર્યો. અશ્વને પૃથ્વી ઉપર ફરતો મૂક્યો. વૈદમીના પુત્રો અશ્વના રક્ષણમાં હતા. અસમંજસ મહેલમાં રોકાયો હતો.

એકાએક આ અશ્વ અદૃશ્ય થઈ ગયો. નજીકમાં મહર્ષિ કપિલનો આશ્રમ હતો. સગરપુત્રો કપિલમુનિના તપોબળથી અજ્ઞાત હતા. કપિલ ધ્યાનમાં સમાધિમાં હતા. પુત્રોએ નાદાની કરી. માની લીધું કે આ મુનિએ આ કાર્ય કર્યું છે. એમણે હલબલાવ્યા. એક તો મુનિ પોતે કશું જાણતા ન હતા. એમાં આ લોકોએ સમાધિ ભંગ કર્યો. એટલે એમને રોષ થયો. તપોબળથી અગ્નિ પ્રગટાવ્યો. સગરપુત્રો ભસ્મીભૂત થઈ ગયા.

અશ્વ તો ખરેખર દેવરાજ ઈન્દ્રએ અદૃશ્ય કરી મૂક્યો હતો. સગરનો આ યજ્ઞ પૂરો ન થાય, એ એને માટે જરૂરી હતું. જો આ યજ્ઞ પૂરો થાય, તો પોતાનું ઈન્દ્રપદ જતું રહે એમ હતુંય સગરનો આ સોમો યજ્ઞ હતો.

સગરને આ સમાચાર મળ્યા. એ શોકથી એકદમ વ્યાકુળ થઈ ગયો. બધુ એમને એમ રાખીને, છોડી દઈને એણે વનમાં પ્રસ્થાન કરી લીધું. અજ્ઞાતવાસ સ્વીકારી લીધો.

અસમંજસની સ્થિતિ કફોડી થઈ. પોતાના ભાઈઓ આ રીતે મર્યા, એટલે - મુનિના તપોબળથી મર્યા એટલે એમને સદ્‌ગતિ તો હોય જ નહિ. એમને અવગતિ જ હોય સદ્‌ગતિનો એકમાત્ર ઉપાય હતો. સ્વર્ગમાંથી ગંગા ઉતરી આવે, તો જ એના સ્પર્શથી સદ્‌ગતિ થાય. અસમંજસે તપશ્ચર્યા શરૂ કરી. એનું અવસાન થયું. એનો પુત્ર અંશુમાન હતો. એણે પિતાનું અધૂરું કાર્ય આગળ ધપાવ્યું. એનું પણ કાળક્રમે અવસાન થયું.

ગંગા પૃથ્વી પર ઉતરે, એ અઘરું હતું. પરંતુ અંશુમાનનો પુત્ર ભગીરથ હતો. એ ભગવાન વિષ્ણુનો પરમ ઉપાસક હતો, સદાચારી સદ્‌ગુણી હતો. એણે તપશ્ચર્યા એકદમ ઉગ્ર કરી. એક પગે ઊભા રહીને તપ શરૂ કર્યું. હવે ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈને પ્રગટ થયા. પૂર્વજોને મોક્ષ મળે, એ માટે ભગીરથે વરદાન માગ્યું.

ભગવાન વિષ્ણુએ હવે ગંગાને આદેશ આપ્યો. ગંગા એ આ આદેશ સ્વીકારી લીધો. પણ એ સીધી પૃથ્વી ઉપર ઊતરે. તો એ વિસ્તાર ભાંગીને ભૂકો થઈ જાય. જીર્ણશીર્ણ થઈ જાય.

ફરીવાર ભગીરથે તપશ્ચર્યા શરૂ કરી, ભગવાન શંકરને પ્રસન્ન કર્યા. શંકરે કૈલાસપર્વત ઉપર ઊભા રહીને, પોતાની જટા ફેલાવી. મધ્યસ્થીનું કામ કર્યું. હવે ગંગાજી સ્વર્ગમાંથી ઊતરીને જટામાં આવ્યા. ત્યાંથી પછી ધરતીનો સ્પર્શ કર્યો.

એના પ્રવાહ ઉપરથી પ્રસરતો વાયુ પૂર્વજોની રાખ ઉપરથી માત્ર પસાર જ થયો અને પૂર્વજોને મુક્તિ મળી ગઈ. એમને વૈકુંઠમાં નિવાસ મળી ગયો.

પૃથ્વી ઉપરના પતિતપાવની ભગવતી ગંગાનો પહેલો પ્રવાહ વૈશાખસુધ સાતમે ઉતર્યો છે. આજે પણ ઈલોરા આ શિવમંદિર પાસે આટમી સદીની પ્રતિમા છે. એમાં ભગીરથ એકપગે તપ કરી રહ્યો છે.

# કયા ખંડમાં બધા જ દેશો દરિયા કિનારો ધરાવે છે ?

## વિશ્વની ભૂગોળ

**ખજાનો**
અનિલ પટેલ

૧ ૦ અંક્ષાશ - ગ્રીનીચ રેખા કયા દેશમાંથી પસાર થાય છે ?
(અ) અમેરિકા (બ) ઈંગ્લેન્ડ
(ક) ફ્રાન્સ (ડ) જર્મની

૨ પૃથ્વી એક કલાકમાં કેટલા રેખાંશ ફરે છે ?
(અ) ૧૫ રેખાંશ (બ) ૨૦ રેખાંશ
(ક) ૩૦ રેખાંશ (ડ) ૪૫ રેખાંશ

૩ કયા ખંડમાંથી વિષુવવૃત્ત, મકરવૃત્ત અને કર્કવૃત્ત પસાર થાય છે ?
(અ) એશિયા ખંડ (બ) અમેરિકા ખંડ
(ક) ઓસ્ટ્રેલિયા ખંડ (ડ) આફ્રિકા ખંડ

૪ વિશ્વના સૌથી વધુ જવાળામુખી કયાં આવેલા છે ?
(અ) જાપાનમાં (બ) મલેશિયામાં
(ક) ફીલીપીન્સ દ્વીપસમુહમાં (ડ) અમેરિકામાં

૫ વિશ્વનું સૌથી ઊંચું પર્વત શિખર માઉન્ડ એવરેસ્ટ કયા દેશમાં આવેલું છે ?
(અ) ભારત (બ) નેપાળ
(ક) ચીન (ડ) તિબેટ

૬ કયા ગ્રહને પૃથ્વીની 'જુડવા બહેન' કહે છે ?
(અ) શુક્ર (બ) બુધ
(ક) મંગળ (ડ) ગુરુ

૭ નીચેનામાંથી એન્ટાર્કટિક વૃત્ત ઓળખાય છે ?
(અ) ૨૩.૫ દક્ષિણ અક્ષાંશવૃત્ત (બ) ૨૩.૫ ઉત્તર અક્ષાંશવૃત્ત
(ક) ૬૬.૫ દક્ષિણ અક્ષાંશવૃત્ત (ડ) ૬૬.૫ ઉત્તર અક્ષાંશવૃત્ત

૮ વિશ્વનું સૌથી મોટું મીઠા પાણીનું સરોવર કયું છે ?
(અ) વિકટોરીયા (બ) સુપીરીયર
(ક) કાસ્પિયન (ડ) બૈકાલ

૯ વિશ્વનો સૌથી ઊંચો ધોધ એન્જિલ કઈ નદી પર આવેલો છે ?
(અ) સેન્ટ લોરેન્સ (બ) રાયન
(ક) કોરોની (ડ) નાઈલ

૧૦ કયા ખંડને પક્ષીઓના ખંડ તરીકે ઓળખાવાય છે ?
(અ) ઉત્તર અમેરિકા (બ) દક્ષિણ અમેરિકા
(ક) આફ્રિકા (ડ) ઓસ્ટ્રેલિયા

૧૧ કયો ખંડ 'ખંડોનો ખંડ' તરીકે ઓળખાય છે?
(અ) ઓસ્ટ્રેલિયા (બ) અમેરિકા
(ક) આફ્રિકા (ડ) એશિયા

૧૨ કાલાહારી રણપ્રદેશ કયા દેશમાં છે ?
(અ) મંગોલીયા (બ) બોત્સવાના
(ક) ચીલી (ડ) ચીન

૧૩ વિશ્વની સૌથી ઊંડી ખાઈ 'મારીયાના ટ્રેન્ચ' કયા મહાસાગરમાં છે ?
(અ) પેસીફીક સમુદ્ર (બ) આર્કટિક સમુદ્ર
(ક) કાશ્પિયન સમુદ્ર (ડ) રાતો સમુદ્ર

૧૪ કઈ નદી યુરોપીય વેપારની જીવનરેખા તરીકે ઓળખાય છે ?
(અ) રાઈન (બ) વોલ્ગો
(ક) સેઈન (ડ) ડેન્યુબ

૧૫ કયા ખંડમાં બધા જ દેશો દરિયા કિનારો ધરાવે છે ?
(અ) આફ્રિકા (બ) એશિયા
(ક) ઉત્તર અમેરિકા (ડ) દક્ષિણ અમેરિકા

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

**૨૪ મે : કોમનવેલ્થ દિવસ**
ઉર્દૂ શાયર મજરૂહ સુલ્તાન પુરીનું નિધન (૨૦૦૦૦
તેમ્બાત્સેરી માઉન્ટ એવરેસ્ટ સર કરનાર વિશ્વનો સૌથી યુવાન પર્વતરોહી બન્યો (૨૦૦૧)
સંગીતકાર રાજેશ રોશનનો જન્મ દિવસ (૧૯૫૫)
સુપ્રસિદ્ધ કેવળણીકાર તથા સાહિત્યકાર ગટુભાઈ ધ્રુવનું નિધન (૧૯૬૮)

**૨૫ મે :**
સ્વાતંત્ર્યની ચળવળના સુકાની સરદારસિંહ રાણાનું નિધન (૧૯૫૭)
તત્ત્વચિંતક જે. કૃષ્ણમૂર્તિનો જન્મદિવસ (૧૮૯૫)
- મિખાઈલ ગોર્બાચોવે સોવિયેત સંઘના કાર્યકારી રાષ્ટ્રપતિ બન્યા (૧૯૮૯)
- મહાન ક્રાંતિકારી બંગાળી કવિ નઝરૂલ ઈસ્લામનો જન્મદિવસ (૧૮૯૯)

● **૨૬ મે :**
- રણજીતરામ સુવર્ણચંદ્રક અને દિલ્હી અકાદમી પુરસ્કૃત હરિવલ્લભ ભાયાણીનો જન્મ દિવસ (૧૯૧૭)
- રશિયાના આધુનિક સંસ્કાર જીવનના ઘડવૈયા પુશ્કિનનો જન્મદિવસ (૧૭૯૯)
- નેપોલીયન બોનાપાર્ટની ઈટાલીના નરેશ તરીકે તાજપોશી કરાઈ (૧૮૦૫)
- ભારતના નંબર વન કુશ્તીબાજ સુશીલ કુમારનો જન્મદિવસ (૧૯૮૩)

● **૨૭ મે :**
- પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની પુણ્યતિથિ (૧૯૬૪)
- અમેરિકાના રાશેલ કાર્સનની જન્મજયંતિ (૧૯૦૭)
- શ્રીલંકાની ટીમના પૂર્વ કપ્તાન જયવર્દનેનો જન્મદિવસ (૧૯૭૭)
- જર્મનીના સૌથી મોટા યુદ્ધ જહાજ બિસ્માર્કનું પતન (૧૯૪૧)

● **૨૮મે :**
- ક્રાંતિવીર વિનાયક સાવરકરનો જન્મદિવસ (૧૮૮૩)
- શિલ્પ - સ્થાપત્યના જાણકાર પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરાની પુણ્યતિથિ (૧૯૭૮)
- પાકિસ્તાને પરમાણુ વિસ્ફોટ કર્યો (૧૯૯૮૦
- અંતરીક્ષ યાત્રાએ પ્રથમ વાંદરાને મોકલવામાં આવ્યો (૧૯૫૯)

● **૨૯ મે : (યુએન પીસ કીપીંગ ડે)**
- 'અભય દીવા'ના શોધક સર હન્ફ્રી ડેવિડનું નિધન (૧૮૨૯)
- રણજીતરામ સુવર્ણ ચંદ્રક મેળવનાર સાહિત્યકાર ધીરુબેન પટેલનો જન્મદિવસ(૧૯૨૯)
- ન્યુઝીલેન્ડના એડમંડ હિલેરી અને નેપાળના શેરપા તેનસીંગે માઉન્ટ એવરેસ્ટ સર કર્યો. (૧૯૫૩)
- અમેરિકાના લોકપ્રિય પ્રમુખ જહોન એફ. કેનેડીનો જન્મદિવસ (૧૯૧૭)

● **૩૦ મે :**
- ફ્રાન્સની સ્વાતંત્ર્ય દેવી 'જોન ઓવ આર્ક'નું નિધન (૧૪૩૧)
- જાણીતા સાહિત્યકાર સુરેશ જોષીનો જન્મદિવસ (૧૯૨૧)
- ભારતીય સૈન્યની ટુકડીએ પ્રથમ વખત કંચનઝંગા પર ચઢાઈ કરી (૧૯૭૭)
- પારસી વાડિયા કુટુંબના વારસદાર નેસ વાડિયાનો જન્મદિવસ (૧૯૭૦)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કર્ણાટકના હાલના મુખ્યમંત્રીનું નામ શું છે ?**

**જવાબ : એચ.ડી. કુમાર સ્વામી**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૩) મહેશ એમ. જાદવ : રાયસણ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) આકાશ જી. પટેલ : સે-૨૩ (૭) હર્ષ બી વાઘેલા : સે-૬ (૮) શિવાંગ બી પટેલ : સરગાસણ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારતના વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનરનું નામ શું છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# ઘરગૃહસ્થીમાં લાગુ પડતો વિજ્ઞાનનો એ નિયમ

**હળવે હૈયે**
પ્રકાશ લાલા

વિજ્ઞાનનો એક નિયમ છે : ગરમીથી પદાર્થ ફૂલે અને ઠંડીથી સંકોચાય. સ્કૂલમાં વિજ્ઞાન શિક્ષક આ નિયમ સમજાવવા રેલવેના પાટાનું ઉદાહરણ આપતા તે યાદ હશે જ ! શિયાળામાં ઠંડીથી પાટા - લોખંડ સંકોચાવાથી બે પાટાના જોઈન્ટ વચ્ચેની જગા વધે છે તે ગરમીમાં ફૂલવાથી જોઈન્ટ વચ્ચેની જગા ઓછી થાય છે વગેરે... વગેરે...

વિજ્ઞાનનો એ નિયમ એની જગાએ બરાબર છે. અમારે એને 'ચેલેન્જ' નથી કરવો કે 'સાયન્સનો પીરિયડ' પણ નથી લેવો. અમારે તો ઘરગૃહસ્થીમાં વિજ્ઞાનના આ નિયમનો જે અનુભવ થાય છે તેની જ વાત કરવી છે. ઘરગૃહસ્થીમાં વિજ્ઞાનનો આ નિયમ જે રીતે લાગુ પડે છે. તે વિશે કહેવું છે. બાત કુછ હજમ નહીં હુઈ ? ઓ. કે. સમજાવું...

બંને બાજુથી જેનો મરો થતો રહે છે એ મધ્યમવર્ગના વ્યક્તિ ઘરગૃહસ્થીમાં પ્રતિમાસ, તેની આવકના પ્રમાણમાં ઘરખર્ચ માટે ચોક્કસ બજેટ નક્કી કરી, નાણાં ફાળવતી હોય છે... વર્ષના અન્ય મહિનાઓમાં એ ફાળવાયેલ બજેટ મુજબ ગાડી ગબડાવવામાં ઝાઝી મુશ્કેલી નથી આવતી પણ ઉનાળો બેસતાં જ આ ગાડી પાટા પરથી ઉતરી પડે છે... ઉનાળાની મૌસમમાં ખર્ચાઓની ગરમીથી, નક્કી કરેલું બજેટ ફૂલવા માંડે છે ને એવું ફૂલવા માંડે છે કે એક તબક્કે આપણું નિશ્ચિત બજેટ ફૂલીને ફાટી પડે છે, નાણાંકીય જોગવાઈઓ અસ્તવ્યસ્ત થઈ જાય છે અને આપણે ત્રસ્ત ત્રસ્ત થઈ જઈએ છીએ....

માર્ચ-એપ્રિલ માસમાં ગરમીનો પારો ચઢવા માંડે તે સાથે જ બાર મહિનાનું અનાજ ઘઉં-ચોખા-દાળ ભરવાની સીઝન શરૂ થાય. એની બોરીઓના બોજ નીચે દબાયા હોઈએ ત્યાં તો મરચું આંખોમાં બળતરા કરવા આવી જાય અને હળદર - ધાણાજીરુ એ મસાલા ભરવામાં આપણે પીસાવાનો વારો આવી નથી જતો ?

ચૈત્ર-વૈશાખમાં પાછો લગનગાળો જામે. ગાળો દેતા દેતા ય વ્યવહારો સાચવવા જ પડે. ઘરે આવતી દરેક કંકોતરી જોઈને બોલાઈ જાય કે 'ચાંલ્લો' આપ્યો. દરેક લગનમાં જવાય કે ના જવાય, 'ચાંલ્લા' નો ચાંલ્લો તો ચોંટવાનો જ... એમાંય નજીકના સગામાં લગ્ન હોય તો આવી જ બન્યું સમજો. સારી એવી રકમનો ચાંલ્લો કે પછી મોંઘી ગિફ્ટ - સોના-ચાંદીની ચીજનો ને લગ્નમાં, આપણા મોભાને શોભે એવાં કપડાં લત્તાં ખરીદવાનાં અને લગ્નમાં બહારગામ જવાનું હોય તોતે ખર્ચ આ બધા માટે રૂટિન બજેટમાં વધારાની જોગવાઈ કર્યા વિના છૂટકો નથી હોતો.

વેકેશનમાં આપણે કોઈક સગા-સ્વજનને ત્યાં થોડા દિવસ જવાનું હજી વિચારતા રહીએ ત્યાં તો 'સ્માર્ટ' સગાં-સ્વજન આપણે ત્યાં સપરિવાહ ધામા નાખવા આવી ચડે. એમની મહેમાનગતિ માટે કરવી પડે વિશેષ જોગવાઈ. માની લો કો આપણી દયા ખાઈને કોઈ આ રીથે માથે ના પડ્યું તો ઘરવાળાં 'વેકેશન છે લઈ જાવ'ની પિપૂડી વગાડવા માંડે તો તો કયાંક એમને નારાજ કરવાનું ગજું છે આપણું ? એટલે એના માટેય રૂપિયાનો વેત કરવો રહ્યો....

ઉનાળામાં સ્વાભાવિક રીતે જ શાકભાજીની આવક ઓછી થાય તો ખપત તો એટલી જ રહે... તેથી 'અર્થશાસ્ત્ર' ના સા લાખ એન્ડ ડિમાન્ડના સિદ્ધાંત અનુસાર ભાવો શાકભાજીના આસમાને પહોંચે છે. પણ ખાવા વિના ઓછું ચાલવાનું છે ? મતલબ 'બજેટ'માં ગાબડાં !!

અરે હા, વળી આવે કેરીની સીઝન. મતલબ અથાણાં બનાવવાની સીઝન અને કેરીનો રસ ખાવાની સીઝન. 'સસ્તી કે મોંઘી, બાર મહિનામાં એક આ ઋતુમાં મળતી કેરી તો ખાવાની જ હોય ને!' એમાં સૌને કહેતાં સાંભળી આપણને ચાનક ચઢે ને મોંઘી તો મોંઘી કેરી ખાવાના જ, ભલે આપણા 'બજેટ'નાં છોકરાં નીકળી જાય !

આખા દિવસની ગરમીથી દાઝેલા, રાત્રે ખુલ્લામાં ફરવા તો મફતમાં જવાય, પણ પ્રસંગોપાત બરફગોળો, ડીશ ગોળો ને આઈસ્ક્રીમ ખાવાની પરિવારજનોની ફરમાઈશ પૂરી કરવામાં ઠંડી ચડી જાય છે... આખો દિવસ પંખા ચાલુ રાખવા પડે એટલે ઈલેકટ્રિક બીલમાં આવતો ધરખમ વધારો 'બજેટ'ને ધ્રૂજાવી દે છે...

આમ ગરમીમાં પદાર્થ ફૂલે છે એ વૈજ્ઞાનિક નિયમ ઘરગૃહસ્થીમાં ય લાગુ પડે છે એમ કહીએ છીએ તે ખોટું નથી.

ઉનાળામાં ઘરખર્ચના બગડી જતા 'બજેટ'ને બચાવવા બેંકની બચતમાંથી ઉપાડ કરવો પડે કે 'વાઈફ' ની ખાનગી બચતમાંથી કેટલીય વિનંતીઓ કરીને સંખ્યાબંધ શરતો કબૂલ રાખીને 'ઓવર ડ્રાફ્ટ' લેવા પડે છે... પણ ભાઈ, આ તો 'દુનિયામેં આયે હૈં તો જીના હી પડેગા, જીવન હૈ અગર ઝહર તો પીનાહી પડેગા...' શું કહો છો, મિત્રો?